

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*આબરૂ હોડમાં મૂકી મોંઘવારીનો કર્યો વિકાસ,*
*વહોરી લીધી બદનામી બેકારીનો કર્યો વિકાસ.*
*ગાંડા થઈ, ઉતાવળે લીધા નિર્ણયો, કર્યો વિકાસ,*
*પાટા ઉતરતી, અકસ્માતી ટ્રેનોનો કર્યો વિકાસ...*
*(ગૌરવ યાત્રા!)*

### હાઈકુ

*કરાવે પાર*
*પુલ વિના યાત્રીને -*
*જીવન યાત્રા...*
*(રેલવે વિકાસ...)*

*લ્યો ! કાર્યકરો*
*ભીડ ભેગી કરે ને*
*ગૌરવ યાત્રા!*
*(અમારો વિકાસ)*

### ચિંતન

*ક્ષણશઃ કણશશ્ચેવ વિદ્યામર્તં ચ સાધયેત ।*
*ક્ષણે નષ્ટે કુતો કણે નષ્ટ કુતો ધનમ્ ॥*

**ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.**

**ક્ષણે ક્ષણેનો ઉપયોગ કરી વિદ્યા મેળવી અને કણે કણે અથવા પાઈ એ પાઈની કાળજી રાખી ને ધન મેળવવું, એક ક્ષણ પણ વ્યર્થ ગુમાવનાર ને પૂરી વિદ્યા તો કયાંથી પ્રાપ્ત થશે અને એક કણ યા પી જો વેડફાઈ જવા દેનારો પૂરો ધનવાન કેવી રીતે થશે?**

**વિદ્યા-સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે સમયનો ભોગ આપવો જ જોઈએ એ જ તપ છે. જીવનમાં 'બચત' બાબત પણ અતિ મહત્ત્વની છે. ખરાબા સંજોગ-પરિસ્થિતિમાં 'બચત' બાંધવ બની બાજુમાં ઊભી રહે છે.**

### સુવિચાર

- મર્યાદીત નિરાશાનો સ્વીકાર ભલે કરીએ પણ અમર્યાદિત આશા કદી ન છોડવી - **માર્ટીન લ્યુથર કિંગ જૂનિયર**
- કર્મ કોઈને ના છોડતું, હોય ભલે ભગવાન... નિષ્કામ કર કર્મ તું, સાથ રહે ભગવાન - **એરિક હોફર**
- જોખમ ન લેવાથી આપણે કદાચ નિષ્ફળતાની પીડાથી બચી શકીએ પણ કંઈ શીખી શકીએ નહીં, કંઈ સંવેદી શકીએ નહીં, પ્રગતિ કરી શકીએ નહીં, સ્વત્વ કે સત્ય સાચવી શકીએ નહીં - **બેન્જામીન ફ્રેંકલીન**
- જિંદગીના પાર્સલ ઉપર જપ, તપ, સદાચાર, કરુણાની પૂરી ટિકિટ ચોંટાડશો તો કદી 'નોટ પેઈડ' નહિં થાય - **સંત પુનિત**
- જેણે કદી જોખમ ખેડ્યું નથી તે પોતાની હિંમત વિશે કશી ખાતરી રાખી શકે નહિં - **યહુદી કહેવત**
- દયા કરવી એ આપણી ફરજ નહીં પરંતુ આનંદ છે, કેમ કે આપણી તંદુરસ્તી અને કીર્તિમાં પણ વધારો કરે છે - **અષો જરથુષ્ટ્ર**

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

સ્વામી સમર્થ રામદાસ શિવાજીના ગુરુ. એકવાર સમર્થ રામદાસ શિવાજીના મહેલે આવ્યા અને ભિક્ષા આપો નો પોકાર કર્યો. શિવાજીને થયું, 'ગુરુજી આવ્યા છે તો હું એવું કંઈક આપી દઉં કે જેથી મારા ગુરુજીને ઘરે ઘરે જઈને ભિક્ષા માગવી ન પડે.' સ્વામીએ કહ્યું, 'ભિક્ષાર્થે ઘરે ઘરે ફરવાથી લોકોનાં સુખદુઃખ જાણી શકાય છે. છતાં શિવાજીએ કહ્યું, 'ગુરુદેવ, મારું આખું રાજય હું આપને અર્પણ કરું છું. તે સ્વીકારી ને મને ભાગ્યશાળી બનાવો.' સ્વામી રામદાસે કહ્યું, 'મને રાજય આપી દઈશ તો પછી તું શું કરીશ ?' શિવાજી કહે, 'બસ હું આપની સેવા કરીશ?' ત્યારે સ્વામી રામદાસે કહ્યું, 'શિવા, રાજ કરવાનું કામ મારું નથી, જેનું જે કામ હોય તે કરે, મારા ઉપદેશ અનુસાર તું ધર્મ ને નામે રાજ કર, હું સન્યાસી છું, તારા રાજયમાં સમૃદ્ધિ હોય પણ દુઃખી લોકો ના દુઃખ દૂર થાય તે ખાસ જોવું.' આટલું કહી સ્વામી રામદાસ ચાલતા થયા અને શિવાજી આવા અનાશક્ત ગુરુને મુંગે મોઢે જોઈ રહ્યા.

# ભાજપનો હુકમનો એક્કો...

દેશભરમાં વર્તમાન કેન્દ્ર સરકાર સામે વિવિધ મુદ્દે અસંતોષ અને નારાજગીના સૂરો ઊઠી રહ્યા છે ત્યારે નાછૂટકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમની વાણીના જાદુ સાથે એ બધાની સામે મેદાનમાં ઊતરવું પડ્યું છે. દિલ્હીનાં વિજ્ઞાનભવન ખાતે કંપની સેક્રેટરીઝની મિટિંગમાં મોદીએ એમના ત્રણ વર્ષના શાસનકાલ દરમિયાન હાંસલ કરેલી સિદ્ધિઓની લાંબી અને આંકડાબંધ યાદી રજૂ કરી. એમણે આઝાદી બાદ તમામ સરકારોએ કરેલ કુલ કામગીરી કરતાં ફક્ત ત્રણ વર્ષમાં કરેલ કામગીરી વધારે હોવાનું પ્રતિપાદિત કરતા આંકડા રજૂ કરી એમની લાક્ષણિક ઢબે આગળની સરદાર અને એમાં પણ સવિશેષ મનમોહનસિંહના નેતૃત્વવાળી કોંગ્રેસની યુપીએ સરકાર પર અનર્ગળ ચાબખા માર્યા. સામે બેઠેલા શ્રોતાવૃંદને એથી મનોરંજન મળ્યું અને મોદીને તાળીઓ. પરંતુ શું આ તાળીઓ દરવખતે મતબેંકમાં ફેરવતી રહી શકશે એ સવાલ તો ખુદ મોદીના મગજમાં સતત ઘૂમરાયા કરતો હોવો જોઈએ. અગાઉ જે પ્રચંડ આત્મવિશ્વાસ સાથે તેઓ મંચ ગજવતા હતા એની સરખામણીએ હવે એમની બોડી લેંગ્વેજ બદલાઈ ચૂકી છે. તેઓ મૂંઝાયેલા - ડઘાયેલા લાગે છે કારણ કે ધીરે ધીરે ધરતી એમના પગ નીચેની સરકતી જતી હોય એવું તેઓ સુષુપ્ત માનસમાં ફીલ કરી રહ્યા છે. મોદીની નિષ્ફળતાઓ ઉજાગર કરવામાં એક સમયના એમના પ્રશંસક અર્થશાસ્ત્રી અને વરિષ્ઠ પત્રકાર અરુણ શૌરી સામેલ થયા છે. અડવાણીની કુદરતી સિનિયોરિટીને નકારી મોદીમાં પ્રાઈમ મિનિસ્ટરિયલ મરીરિયલ હોવાનું અસરકારક નિવેદન અરુણ શૌરીએ જ કરેલું. આજે એ જ શૌરી મોદી સરકારને અઢી માણસો દ્વારા ચાલતી સરકાર કહી એમની નિષ્ફળતાનો પ્રચાર કરી રહ્યા છે. રાહુલ ગાંધી હવે અગાઉના 'પપ્પુ' નથી રહ્યા. તેઓ ધીરે ધીરે વર્તમાન સરકારની નબળી કડીઓને પ્રજા સમક્ષ સાદી ભાષામાં સમજાવવાની કળા હસ્તગત કરી રહ્યા છે. ગુજરાતને જ એમને મોદી સામેની ભાવિ લડાઈનું પ્રાઈમરી ટેસ્ટ ફિલ્ડ બનાવ્યું છે. એમણે મોદીએ લોકસભાની ચૂંટણી પૂર્વે પ્રજાને આપેલ વચનોની યાદી તૈયાર કરાવી છે અને રોજગારી સહિતના મુદ્દાઓમાં મોદી સરકારની કંગાળ કામગીરીની ચોંકાવનારી વિગતો રજૂ કરી સવિશેષ યુવાનોને અને

**તંત્રીસ્થાનેથી...**

ખેડૂતોનો આકર્ષવા માંડ્યા છે. જીએસટી અને નોટબંધી - બેઉ મુદ્દે મોદી નિષ્ફળ ગયા છે અને ઉતાવળા નિર્ણયો થયા છે એવો એક સર્વમાન્ય અભિપ્રાય બંધાઈ રહ્યો છે. ચિદંબરમ્ કે મનમોહનસિંહ સામ ટકી શકે એવા અર્થશાસ્ત્રીઓ મોદી સરકાર પાસે નથી તે હકીકત હવે તો છાપરે ચઢીને પોકારી રહી છે. અર્થનીતિને માટે ચડાવવા મથતા રઘુરામ રાજન જેવા રિઝર્વ બેંકના ગવર્નરને કંટાળીને પદ અને દેશ ચોડી જૂની પ્રોફેસરી સંભાળવી પડી છે કારણ કે એમને જેટલી અને મોદીના અધકચરા અર્થકારણમાં પોતાનું નામ સંડોવાય તે ગમતું નહોતું. મોદી સરકાર માટે મોંઘવારી કે બેરોજગારી જેવા રોજિંદા પ્રશ્નો કરતા રાષ્ટ્રવાદ, હિંદુત્વ, અસ્મિતા અને બીફ જેવા મુદ્દા વધારે અગત્યના હોય એવી છાપ સરજાવા પામી છે. આથી ખુદ ભાજપ શાસિત કેટલાંક રાજયોમાં પણ કેન્દ્ર સરકારના અભિગમની વિરુદ્ધ વાતાવરણ ઊભું થવા પામ્યું છે. વિકાસનાં ગાણાં ગાતી રહેલી સરકાર કાશ્મીર મુદ્દે અને જનસાધારણને સ્પર્શતા પાયાના પ્રશ્નો પરત્વે ઉદાસીન રહી છે, તે લગભગ પ્રસ્થાપિત થઈ ચૂક્યું છે. આથી ખુદ ભાજપના જ જૂના જોગીઓ અકળાઈ રહ્યા છે. રાષ્ટ્રપતિની પસંદગી લઈ આદિત્યનાથ યોગીને ઉત્તરપ્રદેશનું સુકાન સોંપવાના મુદ્દે કહેવાતા પરામર્શક મંડળના અડવાણી - મુરલી મનોહર જોષી કે યશવંત સિન્હા જેવા સિનિયર અગ્રણીઓ કેટલા સહમત હશે તે સમજી શકાય એવી બાબત છે. ફરક એટલો કે આડવાણી મૌન રહી શકે છે અને યશવંત સિન્હા ચૂપ નથી બેસી શકતા. ગુજરાતની ચૂંટણી વખતે મોદી સરકાર વિરુદ્ધ મુદ્દાઓનો ખડકલો સરજાયો છે, વળી અહીં છેલ્લા બાવીસ વર્ષથી એક જ પાર્ટીની સરકાર વિરુદ્ધ એન્ટિ ઈન્કમ્બન્સી પણ સ્પષ્ટપણે દૃષ્ટિગોચર થઈ રહી છે ત્યારે મોદી માટે ફરી એક વાર હિંદુત્વનું કાર્ડ અને કાશ્મીરની કલમ જેવા મુદ્દા જ ચૂંટણી જીતવા માટેનાં ટ્રમ્પ કાર્ડ બની રહે તો નવાઈ નહીં. 'વિકાસ' શબ્દ તો ઊલટાનો હાસ્યાસ્પદ બની ચૂક્યો છે એટલે હવે યોગી આદિત્યનાથ જેવા હિંદુત્વના પ્રતીક જનેતાને આગળ ધરીને ભાજપ એનો અત્યાર લગી છુપાવેલો ચહેરો પ્રગટ કરવા મજબૂર બને એવી પૂરી સંભાવના છે.

# ચાલીસાઓમાં ભક્તિ અને ભાવ



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

'ચાલીસા'માં મોટે ભાગે ૪૦ ચોપાઈઓ અને પછી દોહરો હોય છે. એમાં ઈષ્ટદેવ તરફ ભક્તિ અને ભાવ પ્રગટ થાય છે. આને આધારે 'ચાલીસા'ને નામ મળે છે. જેમ કે હનુમાન ચાલીસા, શિવ ચાલીસા વગેરે...

આ પ્રકારના ચાલીસા કુલ ૨૩ છે... અર્થાત્, ૨૩; પોતાને ઈષ્ટ હોય તેવા દેવ, દેવી અને સંતને લગતા ચાલીસાઓ છે : જેમ કે ....

(૧) દેવ - ગણેશ, હનુમાન, શિવ, વિષ્ણુ, રામ, કૃષ્ણ, ગિરિરાજ, ભૈરવ, શનિ.

(૨) દેવી - દુર્ગા, ચામુંડા, મહાકાલી, લક્ષ્મી, ગાયત્રી, સરસ્વતી, હરસિદ્ધિ, ખોડિયાર, હિંગરાજ, બુટભવાની, મેલડી.

(૩) રામદેવ, સાંઈ, જલારામ.

કેટલીકવાર આ ચાલીસાઓ, અંતમાં પોતાના કર્તાઓનાં નામ આપે છે; આ ચાલીસા ૬ છે.

(૧) હનુમાન ચાલીસા : તુલસીદાસ (૨) રામચાલીસા - હરિદાસ, (૩) ગિરિરાજ ચાલીસા - ગોવર્ધન મહારાજ (૪) દુર્ગા ચાલીસા - દેવીદાસ (૫) લક્ષ્મી ચાલીસા - આનંદ, (૫) બુટભવાની ચાલીસા - રાજેશ.

બે ચાલીસાઓ પોતે કયારે રચાયા છે, એવો રચનાકાળ અંતમાં આપે છે :

(૧) ગણેશ : દ્વે સહસ્ત્ર દસ વિક્રમી, ભાદ્રકૃષ્ણ તિથિ ગંગ = ભાદરવા વદ ત્રીજ, સંવત ૨૦૧૦.

(૨) શિવ : માગસર છહ હેમંત ઋતુ, સંવત ચૌસઠ જાન - માગશર છહ, હેમંત ઋતુ, સંવત ૬૪ આનાં, કેટલાંક ઉદાહરણો પ્રસ્તુત છે :

(૧) નાસૈ રોગ હરે સબ પીરા,
જપંત નિરંતર હનુમંત બીરા (હનુમાન)
(૨) મહિમા અપરંપાર તુમ્હારી,
જય જય જય ત્રિરદા ભયહારી (ગાયત્રી)
(૩) શંકર હો સંકટ કે નાશન,
મંગલકારન વિઘ્ન વિનાશન (શિવ)
(૪) સિંધુ સુતા મૈં સુમિરૌં તોહી,
જ્ઞાન બુદ્ધિ વિદ્યા દો મોહી (લક્ષ્મી)
(૫) જુદો ધર્મ નહિ, નહિ જુદો પંથ,
સર્વ દર્મ સમાન, એ બાબાનો મત (સાંઈ)
(૬) લખી પ્રેમકી મહિમા ભારી,
ઐસે શ્યામ દીન હિતકારી (કૃષ્ણ)
(૭) જય જય જય રઘુનાથ કૃપાલા,
સદા કરૌ સન્તન પ્રતિપાલા (રામ)
(૮) પશુ સમ જો વિદ્યાવિહીન,
પા ન સકેં પદવી સ્વાધીન. (સરસ્વતી)
(૯) હરિ ના જનમાં હરિ વસે.
વદી રહ્યા જલિયા રામ (જલારામ)
(૧૦) પ્રથમહિં નામ લેત તવ જોઈ,
જગ કહં સકલકાજ સિદ્ધ હોઈ. (ગણેશ)

# ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ કોણ હતા ?

### ગુજરાતનો ઈતિહાસ

૧ ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ કોણ હતા ?
(અ) ટોલસ્ટોય (બ) રૂસો
(ક) શ્રીમદ રાજચંદ્ર (ડ) રસ્કીન

૨ ગીતા મંદિરની સ્થાપના કોણે કરી હતી ?
(અ) સ્વામી વિદ્યાનંદજી (બ) સ્વામી દયાનંદે
(ક) સ્વામી આધ્યાત્માનંદજી (ડ) સ્વામી વિવેકાનંદે

૩ ગાંધીનગરના નિર્માણમાં ભાગ ભજવનાર શિલ્પી કોણ છે ?
(અ) જયેશ મેવાડા (બ) ભોગીલાલ પંચાલ
(ક) બાલકૃષ્ણ દોશી (ડ) રાશુ વકીલ

૪ ઈ.સ. ૧૮૭૮ના અષાઢ સુદ-બીજના રોજ અમદાવાદમાં રથયાત્રાની શરુઆત કોણે કરાવી હતી ?
(અ) સ્વામી વિદ્યાનંદજીએ (બ) દયાનંદ સરસ્વતીએ
(ક) રાજારામ મોહનરાયે (ડ) સંત નૃસિંહદાસજીએ

૫ ગુજરાતનું પ્રથમ ગુજરાતી વર્તમાનપત્ર શરુ કરાર કોણ હતું?
(અ) ફરદુનજી મર્ઝબાન (બ) શાંતિલાલ શાહ
(ક) ગાંધીજી (ડ) મેડમ ભીખાઈજી કામા

૬ 'ઈન્ડિયન ઓપીનીયન' પત્રિકા કોણ ચલાવતું હતું ?
(અ) ગોખલે (બ) વિનોદા ભાવે
(ક) શ્યામજી કૃષ્ણવર્મા (ડ) ગાંધીજી

૭ અમદાવાદ ટેક્ષટાઈલ લેબર એસોશિએશનની સ્થાપના કોણે કરી હતી ?
(અ) રણછોડલાલ રેટીવાળા (બ) ગાંધીજી
(ક) ઈન્દુલાલ યાજ્ઞિક (ડ) ક.મા. મુનશી

૮ અમદાવાદમાં પ્રથમવાર ટંકશાળ કોના શાસન દરમિયાન શરુ થઈ હતી ?
(અ) અહમદ શાહ (બ) ગાયકવાડ સયાજીરાવ
(ક) મહમદ બેગડા (ડ) જહાંગીર

૯ પ્રભાશંકર સોમપુરાનું નામ કયા મંદિરના નિર્માણ સાથે જોડાયેલ છે ?
(અ) દ્વારિકા મંદિર (બ) અંબાજી મંદિર
(ક) ડાકોર મંદિર (ડ) સોમનાથ મંદિર

૧૦ દેવસ્તાન ઈનામ નાબૂદી અધિનિયમ કયા મુખ્યમંત્રીના શાસનમાં પસાર કરવામાં આવ્યું ?
(અ) ઘનશ્યામભાઈ ઓઝા (બ) હિતેન્દ્રભાઈ દેસાઈ
(ક) ડૉ. જીવરામ મહેતા (ડ) ચીમનભાઈ પટેલ

૧૧ કયા મુખ્યમંત્રીએ 'નર્મદા બોન્ડ' બહાર પાડ્યા હતા ?
(અ) માધવસિંહ સોલંકી (બ) અમરસિંહ ચૌધરી
(ક) ચિમનભાઈ પટેલ (ડ) કેશુભાઈ દેસાઈ

૧૨ ભાવનગરની કાયા પલટ કરનાર ગૌરીશંકર ઉદયશંકર ઓઝા કયા નામે ઓળખાતા ?
(અ) ગૌઉ ઓઝા (બ) ગગા ઓઝા
(ક) ગંગેશ ઓઝા (ડ) ગૌતમ ઓઝા

૧૩ ડૉ. ભગવાનલાલ ઈન્દ્રજીનું નામ કયા ક્ષેત્ર માટે જાણીતું છે?
(અ) વાસ્તુશાસ્ત્ર (બ) જયોતિષ શાસ્ત્ર
(ક) કર્મકાંડ (ડ) પુરાતત્ત્વવિદ

૧૪ ગુજરાતના કયા મુખ્યમંત્રીએ યુનિવર્સિટી સુધી કન્યા કેળવણી મફતની સુવિધા આપી હતી ?
(અ) ઘનશ્યામ ઓઝા (બ) હિતેન્દ્ર દેસાઈ
(ક) માધવસિંહ સોલંકી (ડ) અમરસિંહ સોલંકી

૧૫ રત્નમણિરાવ ભીમરાવ જોટેનું નામ કયા ક્ષેત્ર માટે જાણીતું છે ?
(અ) ઈતિહાસ સંશોધન (બ) પુરાતત્ત્વવિદ
(ક) શિલ્પ સ્થાપત્ય (ડ) કલા અને સંસ્કૃતિ

### વિવિધા



## ખજાનો

અનિલ પટેલ

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૬ ઓક્ટો. ૧૮૯૩ : ડો. મેઘનાદ સહા :** પૂર્વ બંગાળના એક ગામમાં જન્મ. એમ.એસ.સી સુધી જે અભ્યાસ કરી વિદેશ ગયા. 'ઈન્સ્ટીટયુટ ઑફ ન્યુકિલયર ફીઝીકસ'ની સ્થાપના કરી. 'સામાન્ય એન્ડ કલ્ચર' માસિકના તંત્રી રહ્યા યુનેસ્કો દ્વારા 'કલિંગ પુરસ્કાર' મળ્યો : ૧૯૫૬માં નિધન થયું.
- **૭ ઓક્ટોબર : ૧૯૧૪ :** બેગમ અખ્તર : ગઝલ, દાદરા અને ઠુમરીના મહારથી, ઉત્તર પ્રદેશના ફૈઝાબાદમાં જન્મ થયો. ૧૯૬૮માં પદ્મશ્રી અને ૧૯૭૫માં પદ્મભૂષણ એનાયત થયો.
- **૮ ઓક્ટોબર ૧૮૭૩ : સ્વામી રામતીર્થ :** પ્રખર ગણિતશાસ્ત્રી. પંજાબના નાનકડા ગામમાં જન્મ. વેદ-ઉપનિ,દના અભ્યાસુ. ગણિતના પ્રાધયાપક અને આચાર્ય બન્યા. ૨૭ વર્ષની ઉંમરે સંન્યાસી બન્યા. ૩૩ વર્ષની વયે ૧૯૦૬માં નિર્વાણ પામ્યા.
- **૯ ઓક્ટોબર ૧૯૪૫ : ઉત્સાલ અમજદ અલીખાન :** ગ્વાલિયરમાં જન્મ. તંતુવાદ્યના ઉત્સાદ, શાસ્ત્રીય સંગીતમાં યોગદાન. ૨૦૦૧માં પદ્મવિભૂષણ એનાયત થયો.
- **૧૦ ઓક્ટોબર ૧૯૧૦ : સુબ્રહ્મણ્યમ ચંદ્રશેકર :** લાહોરમાં જન્મ. કેમ્બ્રીજમાં પીએચડીની ડીગ્રી મેળવી. એમરિકામાં ચક્રીય વેદ્યશાળામાં સહાયક સંસોધક તરીકે જોડાયા. નોબલ પારિતોષક વિજેતા. ભારત સરકારે 'પદ્મ વિભૂષણનો ખિતાબ આપ્યો. ૧૯૯૫માં નિધન થયું.'
- **૧૧ ઓક્ટોબર ૧૮૯૯ : મગનભાઈ દેસાઈ :** પ્રખર ગાંધીવાદી ગૂજરાત વિદ્યાપીઠમાં સ્નાતકની ડીગ્રી મેળવી. અંગ્રેજીના અધ્યાપક તરીકે સેવા આપી. 'હરિજન' અને 'સત્યાગ્રહ' સામાયિકોની જવાબદારી સંભાળી. ૧૯૬૯માં નિધન થયું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ગુજરાતમાં રાષ્ટ્રીય જનતા પાર્ટી કોણે બનાવી હતી ?**

**જવાબ : શંકરસિંહ વાઘેલાએ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ (૨) મહેશ જાદવ : ગૂજરાય વિદ્યાપીઠ, અમદાવાદ (૩) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૫) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી (૬) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૭) નટુભાઈ દરજી : પેથાપુર

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કેન્દ્ર સરકારમાં મંત્રી એવા યશવંત સિન્હાના પુત્રનું નામ શું છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# સૌભાગ્યવતી મહિલાઓ સેંથામાં સિંદૂર કેમ પૂરે છે ?



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

આદિમાનવ જયાં સુધી સભ્ય અવસ્થામાં આવ્યો ન હતો અને તેમે સમાજની રચના કરી ન હતી ત્યાં સુધી કુટુંબની વ્યવસ્થા તેણે બનાવી ન હતી. સૌ માનવો એક સાથે રહેતા હતા. અને નવા જન્મેલા બાળકો સમુહ જવાબદારી હતી. આ વ્યવસ્થાએ ઘણા અટપટા પ્રશ્નો ઊભા કર્યા હતા. આ પરિસ્થિતિમાંથી છૂટકારો મેળવવા માનવે સમાજની રચના કરી. નગર વસાવ્યું અને તેની સાથે આવી કુટુંબની ભાવના. માનવે તેના બંધુઓની કાર્યશક્તિ પ્રમાણે સૌને વિવિધ કામો સોંપ્યા અથવા કહો કે દરેક માનવ પોતાને ગમતી કે આવડતી વિદ્યામાં કામ કરવા માંડ્યું.

કુટુંબની સાથે આવી પતિ-પત્નીની ભાવના, મા-બાપની ભાવના, બાળકોની સારસંભાળની ભાવના. એક માનવ, એક જ સ્ત્રીને પરણીને કુટુંબ સાથે રહેવા લાગ્યો. આ સ્ત્રીને માનવની પત્ની બની જેણે આપણા પૂર્વજો એ 'સૌભાગ્યવતી' સ્ત્રી કે બિરુદ આપ્યું. બીજી મહિલાઓથી અલગ પાડવા આ સૌભાગ્યવતી સ્ત્રી કે જેનો પતિ હયાત છે, તેની ઓળખ માટે કપાળમાં મધ્યભાગમાં લાલ તિલક અને માથામાં વાળ જયાંથી બે બાગ જુદા પડે તે ભાગ ને સેંથો કહી, તે સેંથાની શરુઆતમાં સિંદૂર પૂરવાનું સૂચન કર્યું. આ બંને ચિહ્નો એ સૌભાગ્યવતી સ્ત્રીની ઓળખ બની ગયા. પૌરાણિક તથ્ય પ્રમાણે આ થઈ સેંથામાં સિંદૂર પૂરવાની મહત્ત્વતા.

ભારતમાં આ પરંપરા હજારો વર્ષો પછી આજે પણ ચાલુ રહી છે. તે ફક્ત ગૌરવની વાત નથી પરંતુ સમગ્ર વિશ્વમાં તે અદ્વિતીય પ્રથા પણ ગણાય છે.

પરદેશમાં પણ કપાળમાં તિલક અને સેંથામાં સિંદૂર લગાવેલ મહિલાને જોઈને સામેની વ્યક્તિને તરત જ ખ્યાલ આવી જાય છે આ મહિલા પરણિત છે.

જે મહિલાનો પતિ મૃત્યુ પામ્યો છે. તે મહિલા તે પછી બંને ચિહ્નનો ઉપયોગ બંધ કરે છે. સમાજ આવી મહિલા પ્રત્યે અનુકંપા રાખે છે. અને તેને આદર અને લાગણી સાથે જૂએ છે.

સિંદૂર ને કુમકુમ પણ કહેવામાં આવે છે. તેનો રંગ ઉત્સાહ અને શક્તિના ગુણો સૂચવે છે.

આજ કારણસર સિંદૂર એટલે કે કુમકુમ ને શુભ માનવામાં આવે છે.

આપણી પુરાણી પરંપરામાં પરિણિત સ્ત્રીને સૌભાગ્યવતી સ્ત્રી ગણવામાં આવે છે. અને તેના કર્તવ્યમાં બે વાત આવે છે.

તે પતિ મનરંજની હોય છે અને પુત્ર ફળદાયિની હોય છે. કહે છે કે આ બંને વિશિષ્ટ લક્ષણોને બાહ્ય રીતે દર્શાવવા આવી સ્ત્રીના સેંથામાં સિંદૂર પુરવામાં આવે છે. સેંથો એ પણ શણગાર છે, અને તેમાં પૂરવામાં આવેલ સિંદૂર સોનામાં સુગંધ ઉમેરાયું હોય તેનું અનુપમ દૃશ્ય ખડું કરે છે.

આ પ્રથા અંગે એક આડવાત કરવાની છૂટ લઈએ છીએ. આજકાલ કૉલેજમાં ભણતી કેટલીક કન્યાઓ અલેલટપ્પુ જેવા મજનુઓથી બચવા સેંથામાં સિંદૂર પૂરીને કૉલેજ જતી હોય છે. જેથી તે પરણીત છે તેમ માની કોઈ તેને સતાવતું હોતું નથી. કૉલેજ કન્યાઓએ આ પ્રકારનાં સંસ્કૃતિ વિરુદ્ધ ઉપાયો કરવાને બદલે મક્કમ મનોબળ કેળવણી પેલા અલ્લેટપ્પુ 'મજનુઓ'નો હિંમતપૂર્વક સામનો કરવો જોઈએ.



## વિસરાતી વાનગી



### લૌંઆણી

**સામગ્રી :**

૨૫૦ ગ્રામ ઘઉંનો કકરો લોટ, (ભાખરીનો લોટ), ૨૦૦ ગ્રામ ગોળ, ૧૦૦ ગ્રામ તેલ, ૧૫૦ ગ્રામ ઘી, ફલેવર માટે મોટી વરિયાળી, અથવા જાયફળ અથવા ઈલાયચી.

**રીત :** કકરા લોટમાં તેલ નાખી લોટ બાંધવો. લોટ વધારે કડક અથવા વધારે ઢીલો ના હોવો જોઈએ. પછી તેના પાતળા મુઠ્ઠીયાં બનાવી વરાળમાં બાફવા, ચપ્પુમાં લોટ ના ચિપકે તો સમજી લેવાનું કે મુઠ્ઠીયા થઈ ગયા છે. તે ઠંડા થાય એટલે તેનો ભૂક્કો કરી ચારણી થી ચાણી નાખવું. પછી ગોલ અને ઘીનો પાક મૂકવો. પાક થઈ ગયા પછી તેમાં આ ભૂક્કો મિક્સ કરવો અને ફલેવર માટેનો ગમે તે વસ્તુ નાખવી. પછી તેના ગોળ - ગોળ લાડવા બનાવીને સર્વ કરવા, તેમાં ડેકોરેશન માટે ઉપરથી કાજુ બદામ નાખી શકાય છે.

**ટીપ :** આ લાડુ વરાળમાં બાફવાના કારણે તેમાં રહેલા ન્યુટ્રીશયન જળવાઈ રહે છે. ગોળ અને ઘીના પાકના કારણે વધારે એનર્જી યુક્ત હોય છે. કાજુ, બદામ અને દ્રાક્ષ પણ અંદરન નાખી શકાય.

તેનાથી સ્વાદ પણ વધે અને વધારે એનર્જીયુક્ત બને.